અત્યાચારના કેસોમાં કન્વીક્શન (Conviction) રેટ વધારવા માટે ખાનગી વકીલ રાખવાની છૂટ આપવા બાબત.

---

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: હસલ/૧૦૨૦૧૨/નબા.૧/૭૪૪૬૨૬/હ
સચિવાલય, ગાંધીનગર.

**તારીખઃ ૧૬/૦૫/૨૦૧૩.**

વંચાણે લીધોઃ

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરનો પત્ર નં.અજાક/છ-૧/૨૦૧૨/૫૮૦૫ થી ૫૮૦૬, તા.૩૦/૧૧/૨૦૧૨

પ્રસ્તાવનાઃ

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯, હેઠળના કેસોમાં ફરીયાદી પક્ષે સરકારી વકીલ રાખવાની જોગવાઇ છે, પરંતુ સરકારી વકીલશ્રી પાસે કાર્યભારણ વધારે હોઇ, આવા બનાવોમાં કાર્યક્ષમતા દાખવી શકતા ન હોઇ, છેલ્લા વર્ષોના આંકડા જોતાં નાસાબિત કેસોની સરખામણીમાં સાબિત કેસોની ટકાવારી અન્ય રાજ્યોની સરખામણીમાં નહિવત રહેતી હોવાથી સાબિત કેસોની ટકાવારી ઉંચી આવે/ કન્વીક્શન (Conviction) રેટમાં વધારો થાય તે હેતુસર તેમજ અત્યાચાર ધારાનો અસરકારક અમલ થાય તે હેતુસર આવા બનાવોમાં ફરીયાદીને ખાનગી વકીલ રાખવાની છૂટ આપવા તેમજ તે અંગે થનાર વકીલાત ફી ની ચૂકવણી કરવાની યોજના અમલમાં મુકવાની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧) અન્વયેના પત્રથી વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં રૂ. ૩૩.૫૦ લાખની જોગવાઈ કરવા નવી બાબત રજૂ કરવામાં આવેલ.

## ઠરાવઃ

પુખ્ત વિચારણાને અંતે અત્યાચારના કેસોમાં કન્વીક્શન (Conviction) રેટના વધારા માટે ખાનગી વકીલ રાખવાની પ્રસ્તુત નવી બાબતને નીચે દર્શાવેલ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) ફરીયાદી પોતે ખાનગી વકીલ રાખવા ઇચ્છે તો તેને આ યોજનાનો લાભ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીની કચેરી મારફત મળી શકશે.

(૨) આ યોજનામાં ફરીયાદીશ્રીને ખરેખર ખાનગી વકીલને ચૂકવવાની થતી ફી તથા સરકારશ્રી તરફથી મળનાર સહાય, એ બેમાંથી જે ઓછું હોય તે મળવાપાત્ર રહેશે.

(૩) આ સહાય કેસના આરંભમાં ૫૦ ટકા રકમ તથા બાકીની ૫૦ ટકા રકમ ચૂકાદો આવ્યા પછી ચૂકવવાની રહેશે.

(૪) આ યોજનામાં જે ખાનગી વકીલ રાખવામાં આવે તે ક્રિમીનલ લાઇનના કેસ લડવાના ઓછામાં ઓછા ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.

(૫) આ યોજનામાં અનુસૂચિત જાતિના હોય તેવા ખાનગી વકીલને પ્રથમ પસંદગી આપવાની રહેશે. આમછતાં, ફરીયાદી તેની પસંદગી પ્રમાણે ખાનગી વકીલ રોકી શકશે.

(૬) આ યોજનામાં ખૂનના બનાવ માટે ખાનગી વકીલ માટેની ફીની રકમ રૂ. ૫૦,૦૦૦/- રહેશે.

(૭) આ યોજનામાં મહાવ્યથા / બળાત્કારના બનાવ માટે ખાનગી વકીલ માટેની ફીની રકમ રૂ. ૨૫,૦૦૦/- રહેશે.

(૮) વર્ષ ૨૦૧૩-૧૪ના બજેટ જોગવાઇને આધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૯) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણને આધિન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૧૧) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ બાબત તરીકે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૨) વર્ષના અંતે જો કોઇ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ સદરે વર્ષ-૨૦૧૩-૨૦૧૪ હેઠળ કરાયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

માંગણી નં.૯૫,
મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ,અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ
પેટા મુખ્ય સદરઃ ૦૧- અનુસૂચિત જાતિઓનું કલ્યાણ
ગૌણ સદરઃ ૮૦૦- અન્ય ખર્ચ
પેટા સદરઃ ૦૩-બીસીકે- ૬૦ (કે.પુ.યો) નાગરિક એકમ અત્યાચાર (પ્લાન)

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૪/૦૪/૨૦૧૩ તથા તા. ૦૮/૦૫/૨૦૧૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જમાલુદ્દીન એ. સૈયદ)
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના અન્ય સર્વે વિભાગો.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, ડૉ..જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના સર્વે બોર્ડ / કોર્પોરેશનો.
- વિકાસ કમિશનરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

* કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
* સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
* નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
* નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* સેકશન અધિકારીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બજેટ
* સેકશન અધિકારીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ - કોમ્પ્યુ.સેલ (વેબસાઇટ પર ઠરાવ મૂકવા વિનંતી)
* એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
* સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
* સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
* સર્વે પ્રાન્ત અધિકારીશ્રીઓ (મારફતે નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ , ગાંધીનગર)
* સર્વે મામલતદારશ્રીઓ (મારફતે નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ , ગાંધીનગર)
* સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
* સચિવશ્રી,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પંસદગી મંડળ,ગાંધીનગર.
* તકેદારી અધિકારીશ્રી, અમદાવાદ/વડોદરા/ રાજકોટ,
* સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી (મારફતે નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ , ગાંધીનગર)
* પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
* નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
* સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
* સિલેકટ ફાઈલ / નાયબ સેકશન અધિકારીશ્રી સિલેકટ ફાઈલ.